તથા સમીક્ષા કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્ર:-કપઅ-૧૬૮૯-૯૭૫-ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૭-૧૧-૯૩.
17 NOV 1993

વંચાણે લીધા:-

૧. આ વિભાગના તા.૫-૧૦-૮૯ના ઠ.ક્ર:-કપઅ-૧૬૮૯-૯૭૫-ગ.૩
૨. આ વિભાગના તા.૫-૧૦-૯૦ના ઠ.ક્ર:-કપઅ-૧૬૮૯-૯૭૫-ગ.૪
૩. આ વિભાગના તા.૪-૧-૯૨ના સુધારા ક્ર:કપઅ-૧૬૮૯-૯૭૫-ગ.૪
૪. આ વિભાગના તા.૨૫-૫-૯૩ના ઠ.ક્ર:-કપઅ-૧૬૮૯-૯૭૫-ગ.૪

ઠ રા વ.

ઉપર વંચાણે લીધેલ આ વિભાગના જુદા જુદા ઠરાવો અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ હેઠળની જુદી જુદી જગ્યાઓ પર ફરજો બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના ખાનગી અહેવાલ કોણે લખવા તથા તેની સમીક્ષા કોણે કરવી તે અંગે કરવામાં આવેલ હુકમોમાં નીચે મુજબ અંશત: ફેરફાર કરવામાં આવે છે:-

| ક્રમ | સંવર્ગ/હોદ્દો | ખા.અ.લખનાર અધિકારી | સમીક્ષક અધિકારી |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | નાયબ સચિવશ્રી (સચિવાલયના ઉપસચિવ કક્ષા) | સંયુક્ત સચિવશ્રી સચિવશ્રી (સંબંધિત) | અધ્યક્ષશ્રી |
| ૨. | સેક્શન અધિકારી | નાયબ સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ સચિવશ્રી (સંબંધિત) | સંયુક્ત સચિવશ્રી/સચિવશ્રી/ અધ્યક્ષશ્રી (સંબંધિત) |
| ૩. | પદનીશ, કલાર્ક ટાઈપીસ્ટ | સેક્શન અધિકારીશ્રી/ હિસાબી અધિકારીશ્રી/ નાયબ સચિવશ્રી (સંબંધિત) | નાયબ સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/સચિવશ્રી (સંબંધિત) |
| ૪. | કલાર્ક (કેશીયર) | હિસાબી અધિકારી/ સેક્શન અધિકારીશ્રી/ નાયબ સચિવશ્રી (સંબંધિત) | સંયુક્ત સચિવશ્રી/સચિવશ્રી (સંબંધિત) |
| ૫. | ડ્રાયવર | સેક્શન અધિકારીશ્રી (મ) | નાયબ સચિવશ્રી (મ) |

૨. ઉક્ત હુકમોને અનુલક્ષીને મંડળ હેઠળની તમામ જુદી જુદી જગ્યાઓ પર ફરજો બજાવતા અધિકારીઓ/કર્મચારીઓના ખાનગી અહેવાલ હવે આ સાથે બિડેલ પત્રકમાં કોલમ-૩ અને કોલમ-૪માં જણાવ્યા પ્રમાણેના અધિકારીઓએ લખવાના રહેશે/સમીક્ષા

કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન. એસ. રામી )
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

સચિવશ્રી,
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

સેક્શન અધિકારીશ્રી ગ.૨(સેલ)
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.